અગત્યનું

ક્રમાંકઃ કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૪/૨૦૨૦

પ્રતિ,

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર.
(3) નિયામકશ્રી એન.સી.સી., અમદાવાદ.
(૪) તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ (નોન વેકેશન સ્ટાફ)

વિષયઃ – નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.

શ્રીમાન,

ઉપયુક્ત વિષય પરત્વે શિક્ષણ વિભાગના તા.૧૭.૦૪.૨૦૨૦ના સરખા ક્રમાંકના પત્ર અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬.૦૪.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટની નકલ મોકલીને તેની સૂચનાઓનું પાલન કરવા જણાવવામાં આવ્યું હતું.

૨. વધુમાં આ બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮.૦૪.૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ (*નકલ સામેલ છે*)થી જણાવેલ છે કે નોવેલ કોરોના વાઇરસ (Covid-19)નું સંક્રમણ જે વિસ્તારોમાં વ્યાપક થયું છે તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલ Hotpots/Containment zonesના વિસ્તારોમાં રહેતા કર્મચારી/અધિકારીઓને કચેરીમાં હાજરી આપવામાંથી બાકાત રાખવાના રહેશે/બોલાવવાના રહેશે નહિ.

વધુમાં આવા વિસ્તારોમાં સમાવેશ થતી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ કર્મચારીઓ/અધિકારીઓને બોલાવવાના રહેશે નહી. આ સૂચનાઓ જયાં સુધી લાગતા વળગતા વિસ્તારમાં Containment zones હોય ત્યાં સુધી લાગુ પડશે. આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,
(પકેશ ઠાકોર )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણઃ ઉપર મુજબ

નકલ રવાનાઃ-

તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓને સંલગ્ન તમામ કોલેજો-(નોન વેકેશન સ્ટાફ) (સરકારી/ બિનસરકારી અનુદાનિત/ખાનગી) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી અને નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી મારફત.